માસ્તર કાનજી કરમશી માંડવી સ્કુલના

વાર્થીઓએ ... મી. ... ના

નીચે ભજવેલા

સંવાદો.


તથા

શ્રી ... કીર્તન

શાંતિ ...

... ...

... નો



પ્રત. ૧૦૦૦


... ...

...ચજી હીરજીની કંપની બુકસેલર્સ.

... પાયધુની મુંબઈ.

... ભગવાન ... ...

કચ્છ દશા ઓશવાળ જૈન જ્ઞાતિને ખરા રસ્તાનુ સૂચન કરનાર
પંચ રત્નો









શ્રીયુત વીરજી ... બી. એ.



શ્રીયુત ...

Extracted from the Speech on education delivered by the Hon. Mr. G. K. Gokhale in the Imperial council.

" " My Lord, this question of universal diffusion of education in India depends, almost more than any other quetion, on the hearty and sympathetic co operation of the Government and the leaders of the people. The Government must, in the first instance, adopt definitely the policy of such diffusion as its own, and it must, secondly, not grudge to find the bulk of the money, which will be required for it, as Government in most other civilized countries are doing. And this is what we are entitled to ask at the hands of the Government in the name of justice, for the honour of the Government itself, and in the highest interest of popular well being. The leaders of the people, on their side, must bring to this task high enthusiasm, which will not be chilled by difficulties, if need be, and readiness to make sacrifices, whether of money, of time or energy, which the cause may

require. I think, my lord, if this bill passes into law, the educated classes of the country will be on their trial. It is my earnest hope that neither they nor the Government will fail to rise to the requirements of this essentially modest and cautious measure. My lord, one great need of the situation, which I have ventured again and again to point out in this council for several years past, is that the Government should enable us to feel that though largely foreign in personnel, it is national in spirit and sentiment; and this it can only do by undertaking towards their people of India all those responsibilities, which National Governments in other countries undertake towards their people. We too, in our turn, must accept the Government as a National Government, giving it that sense of security, which National Governments are entitled to claim, and utilizing the peace and order, which it has established, and for the moral and material advancement of our people. The work, I have already said, is bound to be slow, but that only means that it must be taken in hand at once. If a beginning is

made without further delay, if both the Government and the people persevere with the task in the right spirit the whole problem may be solved before another generation rises to take our place. If this happens, the next generation will enter its own special work with a strength which will be its own security of success. As far as it will be enough to have laboured for such an end–laboured even when the end is not in sight. For, My Lord, I think there is not only profound humility but also wisdom in the faith which says

> " I do not ask to see distant scene:
>
> One step enough for me. "

મારા લૉર્ડ.

બીજા બધા પ્રશ્નો કરતાં, હિંદુસ્તાનમા સામાન્ય કેળવણીના પ્રચારના પ્રશ્નનો આધાર સરકાર તેમજ લોકના નેતાઓના અંત ક-રણ પૂર્વક અને મમતાભર્યાં કામ કરવા ઉપર છે. પ્રથમ તો સરકારે પોતેજ સામાન્ય કેળવણી ફેલાવવાનું માથે લેવુ જોઇએ, અને બીજા સુધરેલા દેશોમાં થાય છે, તે પ્રમાણે કેળવણીના કાર્ય માટે જોઇતા પૈસા મેળવવા આનાકાની કરવી ન જોઇએ સરકારના પોતાના નામને ખાતર, લોક કલ્યાણના ઉત્તમમા ઉત્તમ માર્ગ ખાતર, એક ન્યાયને ખાતર આટલુ માગવાનો અમારો હક્ક છે. લોક નેતાઓએ પણ આ કાર્યમા પૂર્ણ ઉત્સાહ દર્શાવવો જોઇએ. આ ઉત્સાહ એવો હોવો જોઇએ કે ગમે તેટલાં વિઘ્ન આવે તોપણ ઠંડો ન પડવો જોઇએ. જરૂર પડે તો કાર્યને માટે વખત, પૈસો અને શક્તિનો ભોગ આપવા તૈયાર રહેવુ જોઇએ.

મારા લૉર્ડ! મારૂં એવું માનવું છે કે આ બીલને કાયદાનુ રૂપ આપવામા આવશે, તો આ દેશના કેળવાયલા વર્ગની ખરી કસોટી કરવાનો પ્રસંગ આવશે. મારો પૂર્ણ વિશ્વાસ છે કે આવા ઘણાજ સભાળ પૂર્વક કરેલા અને સાદા કાર્ય માટે જોઇતા સાધનો પૂરા પાડવા લોક વર્ગ તેમજ સરકાર સકોચાશે નહિ.

મારા લાર્ડ! આજ કેટલાક વર્ષોથી આ કાઉન્સીલમાં વારંવાર

કહેતો આવ્યો છું—એવી મુદ્દાની એક વાત એ છે કે રાજ્યકર્તી પ્રજા વિદેશી છે છતા ભાવ, આત્મા, અને વર્તનમા સ્વદેશી છે; એવી ભાવના અમારામા થાય એમ કરવુ એ સરકારના હાથમા છે. પ્રજાકીય—સ્વદેશી રાજ્યો પોતાની પ્રજા તરફ જે ફરજો બજાવ્યે જાય છે, તેજ પ્રમાણે અત્રે કરવાથી આ ભાવના સહેલાઈથી થઇ શકે એમ છે અમારે પણ સ્વદેશી રાજ્ય છે એમ સ્વીકારવું જોઇએ. એ રાજ્યે એ રીતે સતોષ આપવો જોઇએ, એ રાજ્યે પ્રસારેલી શાન્તિ અને સુલેહનો લાભ લઇ અમારા લોકની, પ્રજાકીય અને નૈતિક ઉન્નતિ કરવી જોઇએ, મે અગાઉ કહ્યું છે તેમ આ કામ લાબે ગાળે થશે, અને તેટલા માટેજ આ કામ એકદમ ઉપાડી લેવુ જોઇએ. જરા પણ વિલમ્બ કર્યા વિના જો શરૂઆત કરવામા આવે, જો સરકાર અને લોકો આ કાર્યમાં ખરી રીતે ઉત્સાહથી મંડયા રહે તો આપણી વચ્ચે, ભવિષ્યની પ્રજા આવે તે પહેલા આ પ્રશ્નનો નીવેડો આવ્યા વિના રહેશે નહિ. જો આમ થાય તો એ વખતની પ્રજા એવા બળથી આ પ્રશ્ન ઉપાડી લેશે કે એમને જયનો સદેહ પણ નહિ રહે

જો કે હેતુ ફલિભૂત થવાનો સંભવ નથી, છતા આવાં કાર્ય માટે શ્રમ કરવામાં આવ્યો છે, એટલું પણ બસ છે. "દૂરનો દેખાવ જોવા દેવા વિનતિ કરતો નથી, માત્ર એ તરપ એક પગલુ પણ બસ છે."

એ કવિના વાક્યમાં મને તો મહાન ડહાપણ લાગે છે.

(શ્રીયુત જી. કે. ગોખલેની સ્પીચ),

॥ ॐ ॥

"સંસ્કૃત ભાષાનું મહત્વ એ વિષય પર".

સંવાદ.

રમણીક. — ગુડમોર્નીંગ, મી. સુન્દરલાલ આજ ઘણે દિવસે આપનો મેળાપ થયો,

સુંદરલાલ. — ભાઇ રમણિકલાલ! પ્રણામ, ઘણે દિવસે પણ આપના મેળાપથી મને ઘણો હર્ષ થયો છે.

રમણીક. — મી. સુંદરલાલ હું અજાયબ થાઉ છુ કે આપને અંગ્રેજી ભાષાનો અભ્યાસ હોવા છતાં અને આપને મે અંગ્રેજીમાં ગુડમોર્નીંગ કહેવા છતાં તમે તો મને પ્રણામ એવા ગામડીયા શબ્દથી આવકાર આપો છો.

સુંદરલાલ, — મિત્ર રમણિકલાલ એમા અજાયબ થવા જેવુ કાઇજ નથી, કારણ કે મારા માતા પિતાના શિક્ષણે મને, એવુંજ આચરણ શિખવ્યુ છે.

રમણીક, — ઓહો હો એ કંઇ ઉત્તર કહેવાય નહિ, આજકાલનાં ઘરડાઓ અને ડોસાં ડગરાઓ, ગામડીયાઓ અને

અન એજ્યુકેટેડ ફુલ્સો જે શિક્ષણ આપે તેને આપણે માન્ય કરવું એને હું ઠીક સમજતો નથી.

સુંદરલાલ — ભ્રાતા રમણિકલાલ, તમારૂ કહેવું સત્ય હશે, પરતુ મારી થોડી બુદ્ધિ પ્રમાણે મનેતો જે શિક્ષણ મળ્યું છે તે યોગ્ય લાગે છે કારણ કે જે લોકોની જે માત ભાષા હોય તેમાંજ તેમણે વાર્તા લાપ કરવો યોગ્ય છે, નહિ તો ઘણાક લોકો થોડી ઘણી અગ્રેજી કેળવણી લઇને તે ભાષાના શબ્દો મેળવી ઢેડ ભાષા બનાવે છે. એક મનુષ્યની એક બાજુની મુછ કાઢી નાખી હોય અને બીજી બાજુની રહેવા દીધી હોય તેનુ જેવુ સ્વરૂપ દેખાય, તેવુંજ સ્વરૂપ થોડુ અંગ્રેજી અને થોડુ ગુજરાતી બોલનાર પોતાની ગુજરાતી ભાષાનુ કરી નાખે છે, માટે આપ જોઇ શકશો કે મને મળેલું શિક્ષણ મૂર્ખાઓનું નથી પરતુ વિદ્વાનોનું છે.

રમણીક, — નો, નો, માઇ ફ્રેન્ડ મી. સુંદરલાલ તમે જે આરોપ મારા પર મુકો છો, તે તમારા પર આવે છે, કારણ કે તમારી ભાષા ગુજરાતી હોવા છતાં પણ તેમા સંસ્કૃત ભાષાના શબ્દો ઘણાજ આવે છે તેથી તમારી ભાષા પણ ધિકારી ભાષા કહેવાશે તો પછી તમારા અને મારા શિક્ષણમાં શું ફેરફાર થયો?

સુંદરલાલ, — મિત્ર રમણિકલાલ, આપને જે સંદેહ થયો તેનું કારણ એ છે કે તમને ગુજરાતી અને સસ્કૃત ભાષા શુ છે, તેની બરાબર ખબર નથી, હુ જે શબ્દો બોલુ છું, તે સસ્કૃત ભાષાના હોવા છતા પણ ગુજરાતી ભાષાના છે, જેથી તે તેજ ભાષાના શબ્દો છે, આથી ગુજરાતી ભાષા તો શુદ્ધજ ભાષા રહે છે. આમ જોવા જતા તો સર્વ, ભાષાઓનુ મૂળ સસ્કૃત ભાષા છે અને અન્ય ભાષાઓ તેનુ વિકાર પામેલુ સ્વરૂપ છે. ગુજરાતી, હિન્દી, મરાઠી ભાષાઓ એકજ પ્રદેશની એટલે આર્યાવર્ત નિવાસીઓની ભાષા હોવાથી તે ભાષાઓમા સસ્કૃતમાથી ઇતર દેશની ભાષાઓ કરતા ઘણો થોડો વિકાર થયો છે મારી આપને એ વિનંતી છે કે આપણે જે ભાષામા વાત ચીત કરતા હોઇએ તેજ ભાષાના શબ્દો બનતા સુધી બોલવા જોઇએ. આથી તમારે એમ સમજવું નહિ કે આપણી રાજ ભાષા આપણે શીખવી નહી અને બોલવી પણ નહિ, પરતુ જે અગ્રેજી ભાષા બોલવી હોય તો આખી વાર્તા તેજ ભાષામા કરવી જોઇએ.

રમણીક, — વેરી વેલ મી. સુદરલાલ, તમે તો ભાષાઓપર ઘણો સારો વિચાર કર્યો છે, પરંતુ તમે જે વધીને એમ

જણાવ્યું કે સંસ્કૃત ભાષા એ સર્વ ભાષાનુ મૂળ છે, અને અન્ય ભાષાઓ તેનું વિકારી સ્વરૂપ છે તે ઠીક નથી. સસ્કૃત ભાષામાં એટલું બધું કાઇ મહત્વ નથી, લોકોનુ કહેવુ શું તમને યાદ નથી, કે સંસ્કૃત ઇઝ એ ડેડ લેગ્વેજ (Sanskrit is a dead language,) તેથી સંસ્કૃતને સર્વ ભાષાઓનું મૂળ કહેવુ એ "કવાઇટ નોન્સેન્સ" છે.

સુંદર. — બંધુ રમણિકલાલ, આપના પૂર્વજો સસ્કૃત ભાષાના અભિમાની હોવા છતા આપ પોતે સસ્કૃત ને મૃત ભાષા સમજો છો તે ખરેખર દીલગીર થવા જેવુ છે.

રમણીક. — મી, સુદરલાલ, એક મનુષ્ય સત્ય જાણવાને માટે કાઇ પ્રશ્ન પૂછે તેમા દીલગીર થવા જેવુ કાઇ નથી ડુ-યુ અન્ડરસ્ટેન્ડ મી, માઇ બીલવડ ફ્રેન્ડ (Do you understand me, my beloved friend.)

સુંદર — ધન્ય ભાઇ રમણીકલાલ, તમારી સત્યાગ્રહીવૃત્તિને માટે દીલગીર થવા જેવુ નથી, પરતુ આપણા વડીલો પોતે પણ સંસ્કૃત ભાષાનુ ગૌરવ નહિ સમજી પોતાના સસ્કાર, ઉછરતી વયના બાળકોમા પાડી નથી શકતા, તેને માટેજ મને દીલગીરી થાય છે, ખેર, આપણે આપણા વિષયપર આવીશુ, સંસ્કૃત ભાષાએ સંપૂર્ણ ભાષા છે, અને લોકોને

અતિ ઉપયોગી છે, પ્રાચીન સમયમાં તો આ ભાષાના લાલિત્યથી અને સાહિત્યથી મોહિત થઇ જઇને દેશ દેશાન્તરના લોકો આપણી પવિત્ર ભૂમિમાં શિક્ષણ લેવા આવતા હતા, તેના પુરાવામાં હું આપને આપણા મનુ ભગવાનનું વચન સંભળાવવું છું કે —

एतदेश प्रसुतस्य सकाशादग्रजन्मनः
स्वंस्वंचरित्रंशिक्षेरन पृथिव्यांसर्व मानवाः

તેનો ભાવાર્થ એ છે કે–આપણા દેશમાં એટલુ બધુ જ્ઞાન હતું કે પૃથ્વી ભરના મનુષ્યો જ્ઞાન મેળવવા આપણા દેશમાં આવતા હતા અને પ્રાચીન સમયમાં કેવળ સંસ્કૃત ભાષાજ બોલવામાં આવતી હતી, અને તેજ ભાષામાં ગ્રંથો લખાયલા હતાં, તો ભાઇ રમણીકલાલ, એ ભાષા તમારા કહેવા પ્રમાણે મૃત ભાષા (dead language) હોત તો તે પ્રમાણે થાત નહિ.

રમણીક. — ઓ, નો, નો, (oh, no, no.) હુ તમારી તે વાતને બીલીવ (believe) કરી શકતો નથી કારણ કે "વરને કોણ વખાણે, તો વરની મા" તે કહેવત પ્રમાણે સંસ્કૃત ભાષામાં પુસ્તકો લખનાર સંસ્કૃત

ભાષાને વખાણે તેમાં શુ નવાઇ! કોઇ યૂરોપના વિદ્રાનોએ તેને માટે વખાણ કર્યાં હોય તો તે કહો, નહિ તો આ સર્વ તો હમ્બગ છે.

સુંદર. — ઠીક મિત્ર રમણીકલાલ હું તમને તમારા પ્રશ્નનો ઉત્તર આપું તે પહેલા આપને એટલુ પુછીશકે અંગ્રેજી ભાષાને આપણા લોકોએ પ્રશંસાપત્ર આપ્યું છે, કે તે ભાષા આપણી ભાષા કરતા બહુજ ઉચ્ચ ભાષા છે?

રમણીક, — યસ માઇ ડીયર ફ્રેન્ડ (yes, my dear friend.) આપણા લોકો દિવસે દિવસે અંગ્રેજી ભાષા બોલતા જાય છે અને યુનીવર્સીટીઓમાં અંગ્રેજી ભણનારાઓની સંખ્યા વધતી જાય છે, અને સરકારને તેને માટે સખ્ત વ્યવસ્થા કરવી પડે છે, તે પ્રત્યક્ષ સર્ટીફીકેટ છે, કે સંસ્કૃત ભાષા કે જેને આપણા હિન્દુ સંતાનો મેટ્રીકમાં છોડી દઈ પર્શીયન, લેટીનાદિ ભાષાઓ લઇને પાસ થાય છે, તો પછી તે સંસ્કૃત ભાષામાં કાંઇ દીવેલ નથી, એ સ્વયં સિદ્ધ છે તથા અંગ્રેજી ભાષા તેના કરતાં શ્રેષ્ઠ છે એ નિર્વિવાદ છે. આના દૃષ્ટાંતમા કવિ ગોલ્ડસ્મિથની બેજ લીટી સાંભળો અને તમે એડમાયર કર્યા વિના નહિ રહો.

Where wealth and feedom reign content

ment fails, And honour sinks where com• merce long prevails વેર વેલ્થ એન્ડ ફ્રીડમ રેઇન કન ટેન્ટ મેન્ટ ફેઇલસ એન્ડ ઓનર સીન્કસ વ્હેર કોમર્સ લોન્ગ પ્રીવેઇલસ.

સુદર, ભાઇ આજ ઘણા આપણા ભાઇઓ અગ્રેજી ભાષાના ગ્રાહક છે તેનુ કારણ કે તે રાજભાષા છે અને રાજકીય ભાષાનો અભ્યાસ કરવો તે આપણ પ્રજાનો ધર્મ છે પરતુ તે ભાષા સસ્કૃત ભાષા કરતા શ્રેષ્ઠ છે એમ કહેવાય નહિ. વારૂ, ભાઇ, જે દેશ નિવાસીઓની આ અંગ્રેજી ભાપા છે તેજ દેશ તરફના રહેવાસી વિદ્વાનો સંસ્કૃત ભાષાની ઉચ્ચતાને માટે પ્રસશા પત્ર આપે તો તમને ખાત્રી થશે.

રમણીક, — યસ વ્હાય નોટ! (yes, why not.)

સુંદર, — ઘણુ સારૂં, સાભળો. **પ્રોફેસર બોય સાહેબ** પોતાના એડીનબરો રીવ્યુમા કહે છે કે —(Sanskrit is more copious than the Greek and the Latin and more exquisite and eloquent than either.)

ભાવાર્થ—સંસ્કૃત ભાષા ગ્રીક અને લેટીન ભાષા કરતાં ઘણી સંપુર્ણ અને વિસ્તાર વાળી

ભાષા છે, અને બંને ભાષાઓ કરતા સુશોભીત અને ઉત્કૃષ્ટ છે.) **પ્રોફેસર મેકસ મ્યુલર** સાહેબ પોતાના સાયન્સ ઓફ લેંગ્વેજ નામના પુસ્તકમાં લખે છે,—Sanskrit language is the language of languages and it has been truly said that sanskrit is the science of language.—ભાવાર્થ—સંસ્કૃત સર્વ ભાષાઓની માતા છે, અને તે બરાબર કહેવામાં આવે છે, કે સંસ્કૃત ભાષા, ભાષાના શાસ્ત્ર પ્રમાણેજ છે, સંસ્કૃત ભષામા કેવું લાલિત્ય છે, તે માટે એકજ શ્લોક બોલીશ,

શ્લોક.

व्यतिष जतिपदार्थानान्तरः कोऽपिहेतु
र्नखलुबहिरुपाधीन्प्रीतयः संश्रयन्ते
विकसतिहिपतङग स्योदये पुंडरीकं
द्रवतिचहिमरश्मा वुद्ग ते चंद्रकान्तः

કેમ ભાઇ રમણીકલાલ, આટલેથી આપને સંતોષ થશે કે હજી અન્ય વિદ્વાનોની તેપર સમતિ દેખાડું?

રમણીક. — ભાઇ સુંદરલાલ મને ઘણોજ સારો સંતોષ થયો છે એટલુજ નહિ, પરંતુ **મને મારી ભાષાપર ઘણો-જ પ્યાર ઉત્પન્ન થયો છે.**

આજથી હું નિશ્ચય કરૂં છું કે મારા— અભ્યાસની સાથે સંસ્કૃત ભાષાને માતૃ ભાષા સમજી તેનો અભ્યાસ કરીશ. તમે આજે જે મને શિક્ષા આપી છે તેથી મને ઘણોજ લાભ થશે, અને તેને માટે હું આપનો ઉપકાર માનું છું.

સુંદર, — બંધુ રમણીકલાલ, તેમાં મારો ઉપકાર માનવા જેવું કાંઇજ નથી, મારો ઉપકાર માનવા કરતાં આ ભારત વર્ષને તેની માતૃભાષા સંસ્કૃતનુ સ્મરણ આપનાર, અને સંસારને ભાષાની રીત પ્રમાણેની સંસ્કૃત ભાષા છે, એમ દર્શાવનાર અને તે ભાષામાં લખાયલા ગ્રથોનું તેપર પોતાની બુદ્ધિ પુર્વક ભાષ્ય દ્વારા ગૌરવ દેખાડનાર, **અખંડ બ્રહ્મચર્ય વૃતધારી સંન્યાસી અને રગે રગે આર્યાવર્ત માટે સ્નેહ દર્શાવનાર આપણા મહર્ષિઓનો** ઉપકાર માનવો **જોઇએ.** વસ્તુત. તેમણેજ આપણુને આપણી માતૃભાષા તરફ પ્રેમ ઉત્પન્ન કર્યો છે. તે મહાત્માઓનો જેટલો

ઉપકાર માનીએ તેટલો થોડો છે, કેમ સત્ય છે ને બંધુ, રમણીકલાલ!

રમણીક. -- આપનું કથન સર્વથા સત્ય છે, અને આપણે તે મહાત્માઓના ઋણી છીએ.

સુંદર. -- બસ. ત્યારે હવે પ્રણામ.

રમણીક. — પ્રણામ, ભાઈ, गम्यतां शुभे कार्ये पुनरागमनायच:

यंशैवा; समुपासते शिवईति ब्रह्मेति वेदान्तिनः
बौद्धा बुद्धईति प्रमाणपटवः कर्तेति नैयायिकाः
अर्हन्नित्यथ जैनशासन रता कर्मेति मीमांसकाः
सोऽयं वो विदधातु वांञ्छितफलं त्रैयलोक्य नाथप्रभुः

એ સર્વ શક્તિમાન પ્રભુ પ્રાણિમાત્રનું કલ્યાણ કરો, આપણને સદા સદ્‌બુધ્ધિ આપો, ને આપણી પવિત્ર ભૂમિને દેવભાષાના જયશ્રી રંગ અનંત તેજથી પ્રકાશો!

આજકાલના ભણેલા ભીખારી.

સ્થળ—વિક્ટોરિયા ગાર્ડન્‌-સમય-સંધ્યા.

(એક તરફથી બૅરિસ્ટર અને બીજી તરફથી ડૉક્ટર પ્રવેશ કરે છે)

ડૉક્ટર — ઓલ્‌સો ગુડ્‌ મોરર્નિંગ્‌ મિસ્ટર્‌ બૅરિસ્ટર્‌

બૅરિસ્ટર — ગુડ્‌ મૉર્નિંગ્‌ ડૉક્ટર ગુડ્‌ મોર્નિંગ્‌-હાઉ ડૂ યૂ ડૂ?

ડૉક્ટર — આઠમ પર નેમ અને જેમના તેમ. શીયાળે સુકાતા નથી અને ઉન્હાળે વધતા નથી પણ આપની હાલત કેમ છે આપની હાલત?

બૅરિસ્ટર — આપણી હાલતનું કૃપા કરીને કાંઇ પૂછવુજ નહિ. જ્યારે કાંઇ પણ વિચાર કરીએ છીએ ત્યારે કેવળ ચિતાજ મોઢું વકાસીને સ્હામે ઉભેલી દેખાય છે, ખર્ચ મોટો અને આવકમાં મીડુંજ જણાય છે. હાથમાં એકે બ્રીફ નથી કે કેસ નથી, આજકાલ મની મેટરના રોગમાં બૅરિસ્ટર જેવો બીજા કોઇનો પણ કેસ ટોટલી હોપલેસ નથી.

ગાયન.

લૉનો કીધો માથું ફોડીને પૂરો અભ્યાસ,
ને લંડનમાં ડીનર આપીને કરી પરીક્ષા પાસ;

આ ગાઉન સાથે લીધી બૅરિસ્ટરની ડિગ્રી ખાસ,
બૅાય કૅાટ ન્યાતે કીધા પૈસાનું સત્યાનાશ,
ઓહ બીલકુલ નથી કમાણી, નહિ આવે કોડી કાણી,
ખીસાં ખાલી લૅાયરના પોજીશનપર ફરતું પાણી.
યૂરોપમાં જઇ આવ્યા તેથી ફેશનને ન છોડાય,
ને જાળવવા પોજીશન ચીજો ક્રેડિટપર લેવાય;
પણ જ્યારે ઇસ્માલિયા કોરટની ડિક્રીઓ થાય;
ત્યારે ઉધારિયા બૅરિસ્ટરનો ડબ્બો ગુલ થઇ જાય ઓહ.

ડૅાકટર — ત્યારે તો આવો ભાઇ હરખા કે આપણે બન્ને સરખા જેવીજ આપણી હાલત કહી શકાય. ડોન્ટ બી સોરી—અમારી મેડીકલ લાઇનની પણ એજ અવસ્થા છે. પહેલાં વૈદ્ય, ગાંધી અને ડૅાકટરનું સહીઆરૂ હતુ તે પણ ચાલ્યુ ગયું—હીયર એટેન્ટિવલી વૈદ્યો ગભીર કેસ તપાસવાના હોય, તો પોતાના ડૅાકટરને લાવે, ને તેના મોઢે પોતાનાં વખાણ કરાવે, રોગ ભયકર છે, એક મહિના પછી મટશે, બાટલી લખી આપું છુ વગેરે કહી કન્સલ્ટેશનના રૂપિયા લઇ જાય. વિલાયતી દવા વેચનારા ડૅાકટરને બાટલી દીઠ અમુક કમીશન આપતા એટલે માલ્ટાઇન્ કોડલીવર ઓઇલ, વિલ્કિન્સ સાર્સા પરિલા કે સેનેટોજન લખીએ તો મળતું કમીશન સારૂં હવે છ છ મહિને

એલ. એમ. એન્ડ એસ. ડજનબંધ પરીક્ષામાં પાસ થઇને બહાર પડતા હોવાથી વિલાયતી ડોકટર થયા છે સોધા અને સાથે ધર્માદા દવાખાનામાં થયો વધારો એટલે અમારો આવ્યો નવરા બેસી નખ્ખોદ વાળવાનો વારો.

એડીટર — (પ્રવેશ કરીને) અલો–મિસ્ટર બૅરિસ્ટર અને ડૉકટર તમે અહી કયાથી ? ચાલો સારૂ થયું કે અચાનક મળી ગયા

બૅરિસ્ટર — ડૅાકટર, ખરી મઝા તો આજ કાલ આ એડીટરોને છે–એ લોકો આજ કાલ ઠીક તાગડધિન્ના કરી રહ્યાછે.

એડીટર — અરે ભાઇ, એ તો બાધી મુઠી લાખની ને ઉઘાડી વા ખાય જેવો હિસાબ છે. સોમણુ તેલ ઘોર અંધારૂ જોવું હોયતો, અમારે ત્યા પધારવું. ઘર કયા છે, બાર કયાં છે, ઑફિસ કયાં છે, કોણુ લખે છે ને કોણુ વાચે છે ? આતો ભાડૂતી એડીટર, જેલ એડીટર, અને સરકાર દરબારમાં ધકેલા ખાનાર એડીટર સમજ્યા સાહેબ ? દોઢ રૂપિયામાં બાર મહિના સુધી છાપુ આપવું ભેટો વ્હેંચવી અને દીવાળીના માખણુ મસ્કા અંકો કાઢવા–અધૂરામાં પૂરૂં સરકારમાં જામીનગીરી, જરાક આડું અવળું લખાયું કે જામીનગીરીની રકમ જપ્ત થવાની, પેપર બંધ

થવાની અને નોટીસ આવવાની મોટી ધાસ્તી છતાં કમાણી જુઓ તો ધૂળધાણી અને વા પાણી. ભાઇ, અમારો સારો તાલ નથી, આ ધધામાં હવે કાઇપણ માલ નથી તમાચો મારીને ગાલને લાલ રાખીએ છીએ, તલવારની ધારપર ચાલીએ છીએ. કેમ થવું છે કે એડીટરાચાર્ય–હં ? (વીમાદલાલને જોઇ) પણ હા–ખરા સુખીતો આજ કાલ આ વીમા દલાલ દેખાય છે. (વીમા દલાલ આવે છે)

ડૉકટર — ખરીવાત છે, દલાલે દીવાળુ હોય નહિ, એમને તો કંપની પગાર આપે, કમીશન આપે અને બીજુ વળી જે મળે તે વધારામા.

વીમાદલાલ — છાના રહો ભાઇ, એતો બધા લૂગડાથીજ ઢાંકેલા દેખાય છે. આગળ એમ હતું ખરૂ, પણ હવે તે આગળના દિવસો રહ્યા નથી, એવડા તેવડા લાભનો વખત હવામાં ઉડી ગયો છે. હવેતો માંડ માંડ ઑફિસ ખર્ચ મળે છે. લોકોને માડ માંડ સમજાવી વીમા માટે તૈયાર કરીએ એટલે વચ્ચેથી લાભ લઇ જાય વળી બીજા જ–પહેલાં એકાદ બે કપની હતી ત્યારે મઝા પડતી હતી, પણ હવેતો વીમા કપની થઇ પડી હજાર અને અક્કેક કંપનીના એજટ બાર બાર. ભાઇ, હવેતો અમારો ધંધો મીલોનાં ભૂગળા

અને મીલ માલેકોની ખોટપર ઢાંક પીછોડો કરવા ઉપર જ આવીને અટકી રહ્યો છે. બાકી વાતમાં માલ કાંઇયે નથી. (નાટકનો એક માલેક આવે છે) ખરૂં પૂછો તો કુબેરનો ધન ભંડાર આજકાલ આ નાટકવાળાની તીજોરીમાં ઉલ્ટેલો દેખાય છે એમનાં કૂતરા પણ ચોપડેલી રોટલી ખાય છે.

નાટકવાળો — એક નાટક કંપની કરી જુઓ એટલે કુબેરના ભંડારનો અનુભવ મળી જાય અને લોઢાના ચણા ખાય તે પણ પસ્તાય અને ન ખાય તે પણ પસ્તાય જેવા હિસાબનો ચોખ્ખો સરવાળો દેખાય. નાટકવાળા તો આજ કાલ મોત સાથે વાતો કરે છે મોત સાથે સમજ્યા ?

બૅરિસ્ટર — ખોટું બિલ્કુલ ન માની શકાય. આ વાત હવે તમારાં છોકરાં થાય તેમને સમજાવજો, સમજ્યા કે, માઇ ડીયર ફ્રેન્ડ ?

નાટકવાળો — ચાર પડદા અને આઠ પોશાકપર હજારોની આવક થતી તે કામસેન રસિકા અને ગુલબંકાવલીનો જમાનો ચાલ્યો ગયો છે, હવે તો ઘર ઘર નીકળી પડેલી નાટક મંડળીઓના કૉમ્પીટિશનને લીધે સીન સીનરીમાં હજારોનો ધૂમાડો થાય છે, ઍકટરોનો પગાર

અને નાટકશાળાનાં ભાડાં દિવસે દિવસે મોંઘા થતાં જાય છે અને અધૂરામાં પૂરૂં આગળ જે પાસ થએલું નાટક બે વર્ષ જવાબ આપતું હતું તે સીનેમેટોગ્રાફની હોળીને લીધે ત્રણ મહિનામાં જ ટૂટી જાય છે. નામ મોકું પણ દીવાળીએ ચોપડા તપાસો તો શરાફનું દેવુ અને વ્યાજની રકમ જ મોટી અને તે સાથે ભયકર જણાય છે. હાલ તરત તો રોટલા નીકળે છે રોટલા અને તે પણ વળી ઘી વગરના, આવ્યુ ધ્યાનમા ?

ડૉકટર — ત્યારે તો તમે પણ અમારી કલબના મેમ્બર થવાને લાયક જ દેખાઓ છો, કાલથી તમારૂ નામ પણ નવરા બેસી નખ્ખોદ વાળનારાના લિસ્ટમાં દાખલ કરી દઇશુ.

નાટકવાળો — આપણે તો હવે સાધુ મહારાજ બની જવાના વિચાર પર આવ્યા છીએ, કારણ કે, ખરો લાભ સાધુ થવામાજ સમાયલો છે.

સરમુંડનમેં તીન ગુન, સરકી જાવે ખાજ;
પાવનકો લડ્ડૂ મિલેં, લોગ કહે મહારાજ !

બૅરિસ્ટર — ખરી વાત છે, ખરી વાત છે, મે પણ કયાંક સાંભળ્યું છે કે;—

ટોપી પહેર્યામાં ત્રણ ગુણ, નહિ વેરો નહિ વેઠ;
સાધ સાધૂ સહુ કહે, સુખથી ભરવુ પેટ !

ડૉક્ટર — વેરી પિટિયેબલ્ કન્ડિશન્ ઑફ્ અવર્ ઇગ્નૉરન્ટ માસ–

બાવા માગી ખાય, પારકા મિઠાઇ મેવાં;
જીવે પારકું ખાઇ, હરાયા સાંઢ જેવા;
મહેનત કરવિ હરામ, ડીલનો ડોળ વધારે,
મનમા દાનત બુરી, હાથમાં માળા ધારે;

એ માલ પારકો ખાઇને, મનમાહી હરખાય છે;
દુનિયા અંધી તેમને મલિદો આપે જાય છે !

સાધુ — (પ્રવેશ કરીને) દુનિયા હવે આંધળી મટી દેખતી થતી જાય છે અને તેથી હવે ઢોગી સાધુની હાલત પણ તમારા જેવી થવાનો ખુલ્લો રંગ દેખાય છે. જગત્મા જ્ઞાનનો પ્રકાશ વધતો જાય છે, અને સાધુના પવિત્ર નામને લજાવનારા, જર જોરૂનો ચોર પાખંડીઓની પાખંડ વિદ્યાનો પ્રભાવ ઘટતો જાય છે. હવે તો જ્યાં જુઓ ત્યાં ખરા પરોપકારી અને કર્મયોગી સાધુઓનો જ સત્કાર થાયછે.

બૅરિસ્ટર — સાધુ અને વળી કર્મ યોગી ?

ડૉક્ટર — સાધુઓને તે વળી શાં કર્મ કરવાના હોય ?

વીમાવાળો — ખાવું પીવુ ખુદાવસૂલ ને ધીંગાણું બહૂ– એ; બીજાં વળી શા કર્મો હોય વારૂ ?

નાટકવાળો — કથાના પોતાના લાભ માટે ખોટા અર્થ કરવા, રાંડી રાંડને એકલી જોઇને ગાયન લલકારવાં અને ભ્રષ્ટાચારને વધારવો, એ પણ બધાં કર્મ જ કહેવાય કે નહિ !

સાધુ — નહિ, નહિ આવી ભૂલ ન કરો, ગોળ ખોળને એક કાટે ન તોળો, પોતાના જીવનને ટકાવવા માટે આવશ્યકીય હોય તેટલાંજ દાનનો લોકો પાસેથી સ્વીકાર કરવો, હિંદુસ્તાનના ગામે ગામમાં ફરી અજ્ઞજનોને ઢોંગી ધૂતારાના હાથે ઠગાતા બચવાનો અને સત્ય ધર્મનો માર્ગ બતાવવો એટલું જ નહિ, પણ બની શકે તો સુધરેલા પાશ્ચાત્ય દેશોમાં જઇ સ્વર્ગીય **સ્વામી વિવેકાનંદ, સ્વામી રામતીર્થ** અને મહાશય **ગાંધી** જેવા મહાનુભાવ કર્મ- યોગીઓ પ્રમાણે ત્યાંની જડવાદી પ્રજાના હૃદયમાં આર્યાવર્ત્તના ચૈતન્ય ધર્મની પ્રેરણા કરી ભારતવર્ષની ધર્મ ભાવનાથી વિશ્વનો વિજય કરવો, એજ હવે સાધુઓનું પરમ કર્ત્તવ્ય અને સંન્યાસીઓનો પરમ ધર્મ છે.

દલાલ — હિંદુસ્તાનમાં જો એવા સાધુ અને સંન્યાસી થાય, તો અવશ્ય અલ્પ કાળમાજ ભારત વર્ષની ઉન્નતિનો સંભવ જણાય.

સાધુ — હવે કલહને ઇચ્છનારા વકીલ બૅરિસ્ટર, રોગની વૃદ્ધિને ચાહનારા ડૉકટર, સ્વાર્થ પરાયણ વ્યાપારીઓ

અને ઠગ વિદ્યા પારંગ દલાલો કે અનીતિમય નાટક ભજવનાર નાટક વાળાઓની જરૂર નથી, એમની વિપુલતાથી હિન્દુસ્તાનનો કશો પણ દહાડો વળવાનો નથી.

મૅટ્રિક માદા ના મટે, બી. એ થયા બેહાલ;
એમ એ. મરણ પથારિયે, એ વિદ્યાના હાલ.

હવે તો મે કહ્યું તેવા કર્મયોગીઓનીજ હિન્દુસ્તાનને આવશ્યક્તા છે.

બધા — ત્યારે અમો સર્વ એ કર્મ યોગિત્વને સ્વીકારવા અને અવનતિના સમુદ્રમાં ડુબતા જતા આર્યાવર્ત્તને તારવા તૈયાર છીએ–અમને એ કર્મયોગિત્વની દીક્ષા આપો.

સાધુ — હૃદયનો પ્રેમ, દેશોત્કર્ષની ભાવના અને સ્વાર્થનો ત્યાગ એજ એની દીક્ષા છે. એ ત્રણ વસ્તુઓને સ્વિકારો અને વિદ્યા દાનના આવા સ્થળોને સહાયતા દ્વારા આગળ વધારો એટલે વખતના જવા સાથે અનેક કર્મયોગીઓ પોતાની મેળેજ ઉદ્‌ભવશે અને તેમનાં યોગે ભારતનો પ્રકાશ અખિલ વિશ્વમા વિસ્તરશે.

બધા — આજથી અમે એ તત્ત્વોને સ્વીકારીએ છીએ.

સાધુ — તો તેની સાથે આજથી નિરતર આ મંત્રનો જપ કરતા રહેજો.

દ્રાંમ ભૂમિ કર્ણાટક તેમજ મધ્ય પ્રાંત સ્વદેશ ધામ;
માલવ, સિંધુ, પંચનદ ને વળિ મહારાષ્ટ્ર સૌરાષ્ટ્ર તમામ;
બ્રહ્મદેશ મદ્રાસ બંગ ને ગુર્જરાષ્ટ્ર ને રાજસ્થાન,
સ્વદેશ હિતમા મથો ચિત્તથી, માતૃ ભૂમિનું ધરિ અભિમાન.
હિન્દુ જૈનને મુસલ્માન નર, બ્રહ્મા સિખને સુબુદ્ધિ બુદ્ધ,
તથા પારસી યહૂદિ ક્રિશ્ચન, પૂર્વ દેશના વાસી શુદ્ધ,
કરી પરસ્પર મિત્ર ભાવના, દેશ બંધુમાં વધારિ સંપ;
એક રક્તધારી ભ્રાતાઓ, ઉપજાવો અરિ મનમાં કંપ.
જ્યાં પુરૂષો કર્ત્તવ્ય પરાયણ, વિજય મેળવે છે તે દેશ;
ઉન્નતિ પદપર વિરાજિ નિત્યે, ન્યાય યુક્ત કરવા આદેશ
પણ એ ઉન્નતિ તોજ થશે જો હશે સંપસત્તા અવિકંપ;
સંપ વિના ઉન્નતિની આશા, રોગ સમયમાં જેવો જંપ.
અમે નમન કરિયે પ્રેમેથી. પરમ પુરાતન ભારત આજ,
અમે નમન કરિયે પ્રેમેથી, માતૃ ભૂમિને આર્ય સમાજ,
યશોગાન ગાતા નિશિ દિવસે, અવનતિનો હોજો અવરોધ,
સંપશાસ્ત્રથી ઉન્નતિ કરવા, ઊભા ભારતવાસી યોધ !

લેખક નારણદાસ વિશનજી ઠક્કુર

* સ્વામી શિષ્ય સંવાદ.

શિષ્ય — સ્વામીજી આપે આ દેશના કિનારા ઉપર પગ મૂકતાં જ ભાષણ આપવાનું કામ કેમ એકા એક ત્યજી દીધુ ? આપની જે શક્તિના પ્રભાવથી આખો યુરોપ ખળભળી ઉઠયો છે, આપની જે પ્રતિભાની પ્રભાથી સમસ્ત પશ્ચિમ ભૂમિ જ્યોતિર્મયી બની છે, અને આપની જે પ્રેમભક્તિની ભાવનાઓની અવિચ્છિન વાગ્ધારાથી જડતા પ્રિય પાશ્ચાત્યો રસ પ્રવાહમા તણાવા લાગ્યા છે તે શક્તિનો પ્રતિભાનો કે ભાવનાઓનો લાભ ભારતને કેમ નથી આપતા ? ભારત પ્રત્યેનો આપનો ઉદ્યમ કે અનુરાગ ઓછો તો નથી થયોને ? અમારા વિચાર પ્રમાણે પાશ્ચાત્યો કરતાં

---

* સ્વામી શ્રી વિવેકાનંદ સાથે વાત ચીત એ નામના ગ્રંથમાંનો પ્રથમ સંવાદ

આ દેશને માટે અધિક ઉદ્યમ કરવાની જરૂર છે. આપને એમ નથી લાગતું ?

સ્વામી — આ દેશમાં હજી Ground—જમીન તૈયાર થઇ નથી. ક્ષેત્ર તૈયાર થએ બીજ વાવવાથી કાળ જતા તે ફળ ફૂલ આપી શકે છે. તે તું જાણેછે જ. પાશ્ચાત્યોની ભૂમિ ખેડાવાથી આજે તે ખૂબ રસપૂર્ણ બની છે, અને તેથી ત્યાં મારા જેવાઓને બીજ વાવવાનું કામ સરળ થઇ પડયું છે. યુરોપીય પ્રજા અ યારે ભોગની છેલ્લી સીમાએ આવી પહોંચી છે. વિવિધ ભોગોપભોગો હવે તેઓના મનને વધારે વાર શાન્તિ આપી શકતા નથી, તેથી ભોગોની વિપૂલતા છતાં તેઓના અ તઃકરણમાં એક પ્રકારનો દારૂણ અભાવ વર્ત્યા કરે છે. તારા દેશમાં નથી ભોગ કે નથી યોગ ભોગની ઇચ્છા જ્યારે કેટલેક અ શે તૃપ્ત થાય, ત્યારેજ લોકો યોગની કથા સાંભળી તથા સમજી શકે. જે દેશમા અન્નના અભાવથી લોકોના મુખ ઉપરનું તેજ ફીકકુ પડી ગયુ છે, જેઓના દેહ ક્ષીણપ્રાય થઇ ગયા છે, મનનું બળ નાશ પામ્યુ છે, એવી રોગ—શોક—પરિતાપની જન્મ જેવી જણાતી તારી ભારત ભૂમિમા ભાષણો આપવાથી શુ કલ્યાણ થવાનું હતું ?

શિષ્ય — કેમ ? આપેજ ઘણીવાર કહ્યું છે કે આ દેશ તો ધર્મભૂમિ છે ! અહીંના લોકો જેવી ધર્મ કથા સમજી શકે છે અને કાર્યમાં મૂકી શકે છે તેવી અન્ય દેશમાં સમજાતી નથી. એટલું છતાં આપની જ્વલંત વકતૃતાના લાભથી આ દેશને શામાટે વંચિત રાખો છો?

સ્વામી — ધર્મ કર્મ કરવા પહેલાં કૂર્માવતારની પૂજા થવી જોઇએ, એની તને ખબર છે ? કૂર્મ એટલે આ પેટ, જ્યા સુધી પેટની અગ્નિ શાત થાય નહિ ત્યા સુધી તારી ધર્મ–કર્મની કથા કોઇ સાંભળવાનુ નથી, એ ચોક્કસ માનજે જોતો નથી કે આજે સમસ્ત ભારત વર્ષ કેવળ ઉદર નિર્વાહની એક માત્ર ફીકરથી વિહ્વલ થઇ ગયો છે ! વિદેશીઓ સાથેની હરિફાઇ તથા વાણિજ્ય–વ્યાપારની અબાધ્ય રાજનીતિ વડે તારા દેશના લોકોમાજ એવી ઘૃણિત અને દાસસુલભ ઇર્ષ્યા–અસુયાની હોળી સળગી ઉઠી છે કે આ દેશ અને ઇર્ષ્યાને લઇને તમારા હાડ–માંસ ચૂસાઇ જાય છે–શોષાઇ જાયે છે ? ધર્મ કથા સભળાવતા પહેલાં લોકોની પેટની ચિંતા દૂર કરવાનો પ્રયત્ન કરો. નહિ તો તમારા લેકચરો–ફેકચરોથી કાંઇજ દી વળવાનો નથી.

શિષ્ય — ત્યારે હવે અમારે શું કરવું ? તે કહેશો ?

સ્વામી — સૌની પહેલાં કેટલાએક એવા કર્મયોગી-ત્યાગી પુરૂષો તૈયાર કરવા જોઇએ કે જેઓ પોતાના સંસારનો લેશ પણ વિચાર ન કરતાં પરને અર્થે પોતાનું જીવન અર્પણ કરવા નિરતર તત્પર રહે. હું પોતે એક શાળા સ્થાપી એજ પદ્ધતિ ઉપર કેટલાક બાળ સંન્યાસીઓ તૈયાર કરવા માગું છું. તેઓ જ્યારે ભણી ગણીને બહાર પડશે ત્યારે લોકોના ઘેર ઘેર ભમીને તેઓની વર્તમાન શોચનીય અવસ્થાનું ભાન કરાવશે, અને આ અવસ્થામાથી કેવી રીતે ઉન્નત થવાય, તેનો ઉપદેશ આપશે. એટલુજ નહિ પણ સાથે સાથે ધર્મના મહાન સત્યો પાણીની માફક ગાળી સરળ ભાષામાં તેઓને પાઇ દેશે. તારા દેશનો Mass of People (જન વર્ગ) Sleeping Dewiathan માં ગોર નિદ્રા લેતો જડ જેવો પડયો છે, તેને જગાડશે. યુનીવર્સિટીની ઉચ્ચ શિક્ષાનું પરિણામ પણ સતોષ કારક આવ્યું નથી. ક્યાથી આવે ? મા બાપો પોતેજ એટલી ઉચે હદે પુત્રોને કેળવણી આપવાની ક્ષમતા ધરાવતા નથી. કદાચ સેંકડે એકાદ બે યુવાનો યુનીવર્સિટીનું શિક્ષણ લેવા ભાગ્યશાળી થાય છે તો તેઓ **બાળલગ્નના પ્રતાપે ગૃહસ્થાશ્રમની શરૂઆત પહેલાંજ સાત છોકરાંઓનો બાપ તો બની ચૂકયો હોય છે,** આવી

અવસ્થામાં તે પોતાનું કે દેશનું કલ્યાણ કેવી રીતે કરી શકે? ગમે તેમ કરીને એકાદ કલાર્કશીપ કે વકીલાતની સનદ મેળવી જીવન સંગ્રામમાં ઝૂકી પડે છે. જે દેશમાં કેળવણીની અને યુવાનોની આવી સ્થિતિ છે, ત્યાં ઉચ્ચ કર્મ કે ઉચ્ચ ભાવનાઓને માટે અવકાશજ કેવી રીતે રહે પોતાનો સ્વાર્થ સિદ્ધ કર્યા પહેલાં પરમાર્થ થઇજ કેમ શકે ?

શિષ્ય — ત્યારે શું અમારે માટે હવે કોઇ ઉપાયજ નથી ?

સ્વામી — છે આ દેશ સનાતન ધર્મનો દેશ છે. જો કે અત્યારે પતિત છે, **પરંતુ મને વિશ્વાસ છે કે તે ફરીથી એક વાર ઉઠશે.** એવી રીતે ઉઠશે કે **જગત તેની જાગૃતિ જોઇને દાંત્તમાં આંગળી નાંખશે.** નદી કે સમુદ્રમા એક તરંગ જેટલો નીચે જાયછે તેટલોજ જોરથી પાછો ઉછાળો મારી ઉપર આવે છે, તે તે નથી જોયુ ? આ દેશને માટે પણ એમજ સમજજે. એક વાર ધારીને જો પૂર્વાકાશે અરૂણોદય થઇ ચૂકયો છે. સૂર્યોદયને હવે વિલંબ નથી. તમારા જેવા યુવાનો માટે કમર કસીને કર્મ ક્ષેત્રમા આગળ વધવાનો આજ સમય ઉપયુક્ત છે. બસ કામે લાગો. સંસાર ફંસારમાં પડવાથી શું કલ્યાણ કરવાના હતા ? તો હવે તો તમારૂં એજ કર્તવ્ય છે કે દેશે દેશ, ગામે

ગામ અને ઘેરે ઘર ફરીને લોકોને સમજાવો કે હવે આળસ કરી પડયા રહેવું નભી શકે તેમ નથી. શિક્ષાહીન, ધર્મહીન, વર્તમાન અવનતિની અવસ્થા બતાવી લોકોને કહો કે **ભાઇઓ, હવે ઉઠો**, કયાં સુધી ઊંઘમાં ઘોર્યા કરશો? દેશના ઉદ્ધાર માટે, ધર્મના ઉદય માટે અને જગતના હિતને માટે જો તમારાથી આટલુ કાર્ય ન બની શકે તો તમારા ભણતરને, શાસ્ત્રના જ્ઞાનને અને વિદ્વતાને ધિકાર છે.

શિષ્ય — ગુરૂદેવ, આપ કહો છો તે વાજબી છે, પરતુ અમારામા તેટલી શકિત તો જોઇએ ને ? શક્તિ કયાથી લાવવી ? આપની શક્તિનો એક શતાંશ ભાગ પણ જો અમારામા હોત તો અમે અમારા જીવનને ધન્ય માની દેશને પણ ધન્ય કરત.

સ્વામી — દૂર મૂર્ખ, શક્તિ–બક્તિ શુ કોઇ તને આપી દેવાનું હતું ! શક્તિ તારી પોતાની અદર જ છે. વખત મળતા તે પોતે તારામાથી ઉભરાઇ જઇ બહાર નીકળશે. બસ. એક વખત કેડ બાધી કામે લાગી જા, પછી તુ જોઇશ કે તારામાં એટલી બધી શક્તિનો પ્રવાહ સચાર પામશે કે તું પોતે તેને સંભાળી શકીશ નહિ. પરોપકાર અર્થે લેશ માત્ર કર્મ કરવાથી અંતરની શક્તિ કેટલી પ્રબળ થઇ આવેછે

અને બીજાઓના હિતના વિચાર માત્ર કરવાથી ક્રમે ક્રમે હૃદયના સિંહના જેટલું બળ કયાથી કેવી રીતે આવે છે, તેનો તને તે વખતે સ્વાનુભવ થશે. તને હું હૃદયથી ચાહુ છું, છતાં મારી એવી ઇચ્છા છે કે પરાયે કર્તવ્ય બજાવતો તને મરણુ પામતો હું જોઇ રહુ–હું તે જોઇને સુખી થઇશ.

શિષ્ય — પરતુ મારા ઉપર જેઓ આધાર રાખીને બેઠા છે, તેઓનું પાછળથી શું થાય ?

સ્વામી — તુ પોતે અગર પરને અર્થે પ્રાણુ આપવા તૈયાર છે, તો પરમાત્માને પોતાને તારા માટે ચિતા રાખવી પડશે,

नहि कल्याणकृत कश्चित् दुर्गातिं तात गच्छति.

એ ગીતાનું વાકય સાભળ્યુ ?

શિષ્ય — જી. હા

સ્વામી — સૌ પહેલા ત્યાગની જરૂર છે. ત્યાગી ન થવાય ત્યાં સુધી કોઇ કોઇને માટે સોળે સોળ આના આત્મભોગ આપી શકે નહિ. ત્યાગી પુરૂષ સમસ્ત ને સમભાવે નીરખી શકે છે. વેદાત તો તું ભણ્યો છુ–સર્વ પ્રત્યે સમાનભાવ રાખવો જોઇએ એની તને ખબર નથી ? તો પછી જગતમા માત્ર એક સ્રીને અને કેટલાક છોકરાઓનેજ આત્મીય માની શા માટે બેસી

રહે છે. ? તારા ઘરના બારણા પાસે સ્વયંનારાયણ કંગાળના વેશે આવી અનાહારથી મૃતપાય થઇ પડયા છે, તે જોતો નથી ! તેમને કાંઇપણ અર્પણ કર્યા વિના ખાલી પોતાની સ્ત્રી અને પુત્રોના પેટ ભર્યા કરવા, એમા શું પુરૂષાર્થ છે ? પશુઓ પણ તેમ કરે છે.

શિષ્ય — મહાશય, પરાર્થે કાર્ય કરવા જતા પગલે પગલે પૈ-સાની જરૂર પડે છે, તે પૈસા કયાથી કાઢવા ?

સ્વામી — કહુ છું કે જેટલી શક્તિ હોય, તેટલાંજ પ્રમાણમાં એક વખત કામ કરી જો. પૈસાના અભાવથી કોઇને કાંઇ આપી ન શકે તો ખેર. એકાદ બે મધુર વચનો કે ઉપદેશ આપીને દેશ જનોને ઉત્સાહી કરી શકે એટલું તો તારામાં સામર્થ્ય છે ને ? એ શબ્દો બોલવામાં પણ શું પૈસાની જરૂર છે ?

શિષ્ય — ના. તેમ તો કરી શકું.

સ્વામી — હા. કરી શકુ. એ માત્ર મોઢેથી બોલાય છે, એટલુંજ કરી શકે છે એમ કાર્ય કરીને મને બતાવી આપ. પછી મારી તમારા પ્રત્યેની આશા કેટલી સફળ થઇ તેનો વિચાર કરી સંતુષ્ટ થઇશ. લાગી જા. કામે લાગી જા ક્ષણ-ભંગુર જગતમાં કેટલા દિવસ જીવવાનુ છે ?

પણ હવે જગતમાં અવતર્યો છે, તો પાછળ એકાદ નિશાની રાખતો જા. જુએ છે ને સંસારમાં કેટલા કીડાઓ જન્મ લે છે. અને મરી જાય છે ? માનવ દેહ ધરીને શું આપણે પણ એ કીડાઓની માફક મરી જવું ? જો જીવન એવુ નિષ્ફળજ જાય, તો તારા વેદ, વેદાંતના શિક્ષણને ધિક્કાર છે કામે લાગો કાંઈક કાર્ય કરતા શીખો. તમારા ભણતરને સાર્થક કરો સર્વને આ એકજ વાત સમજાવો કે " તમારામાં અનંત શક્તિ—અનંત જ્ઞાન રહેલું છે. એ શક્તિની આડે જે આવરણો રહેલાં છે, તેને છેદી શક્તિને બહાર આવવા દો." પોતાના એકની મુક્તિ ઇચ્છવાથી શુ કલ્યાણ છે ? મુક્તિની ઇચ્છા એ તો એક પ્રકારની મહાન સ્વાર્થપરતા નહિ તો બીજુ શુ ? મૂકી દે ધ્યાન—ધારણા—સમાધી અને મુક્તિ પુક્તિ. હું જે કામે લાગ્યો છું તે કામે તું પણ લાગી જા. લોકોને ઉઠાડ. જગાડ અને કામે લગાડ. (શિષ્ય થોડી વાર અવાક્ બેસી રહે છે. તે પછી સ્વામીજી પુન બોલવાનું શરૂ કરે છે.)

મેં કહ્યું તેમ પ્રથમ જમીન તૈયાર કરો એટલે મારા જેવા હજારો વિવેકાનદો ભાષણો આપવા નરલોકમાં શરીર ધારણ કરશે. જેનામાં કાંઇ શક્તિ નહોતી તેવા લોકોએ આજે કેટલા અનાથાશ્રમો અને દુર્ભિક્ષ

પડો ખુલ્લાં મૂકયાં છે ? એ શક્તિ તેમનામાં કયાથી આવી ? વળી જોતો નથી **સિસ્ટર નિવેદિતા** જેવી યુરોપીયં કન્યાઓ તારા દેશની સેવામા પ્રાણ આપવા સુધી તૈયાર છે. છે ! તું પોતે તારા દેશને માટે કાઇજ ન કરી શકે તો તારૂં જીવન વ્યર્થ છે, નિષ્ફળ છે, ભૂમિને ભાર રૂપ છે. જે ઠેકાણે મારામારી ચાલતી હોય, જે ઠેકાણે જીવો રીબાતા હોય અને જે ઠેકાણે દુષ્કાળથી હાહાકાર થઇ રહ્યો હોય તે તરફ નિશ્ચિતપણે ચાલ્યોજા. એક વખત મરવુ તો છેજ. તારા મારા જેવા અનંત કીડાઓ જન્મ લે છે અને મરે છે, તેથી જગતને કાંઇ આવતુ નથી અને જતુએ નથી. એક મહાન ઉદ્દેશને સાથે રાખી મરી જા. જો મરવુંજ છે, તો પછી પવિત્ર અને ઉચ્ચ ઉદ્દેશને સાથે લઇ શા માટે ન મરવુ ? એજ મંત્રનો ઉચ્ચાર કરતા કરતા તમે યુવકો દેશજનોને જાગૃત કરો, કર્તવ્ય પરાયણ કરો. દેશની આશા અને ભરૂસો તમારા જેવા યુવાનો ઉપરજ છે. તમારા જેવા યુવકોને હુ જ્યારે નિષ્કર્મ બેસી રહેલા જોઉછું, ત્યારે મારૂં હૃદય ચીરાઇ જાય છે. બસ. કામે લાગી જા. કામ કરો. મૃત્યુ દિવસે દિવસે નજીક આવતું જાય છે, પછી કરીશ એમ વિચાર કરીશ તો તારાથી કાંઇ થવાનું નથી. કર્તવ્ય કરી

એવી રીતે મરી જા, કે તારી પાછળ તારા ગણ્યા ગાંઠયાં સ્નેહીઓ જ નહિ, પણ આખુ જગત્ આંસુ પાડે,

અનુવાદક

સુશીલ.

એવાજ ઉત્તમોત્તમ વધુ સંવાદો વાંચવાની જિજ્ઞાસાવાળાએ નીચે લિખીત શિરનામે ખબર કાઢવી—

શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિને ખરા રસ્તાનું સૂચન કરનાર—

ભૂલાઈ ગયેલાં પંચરત્નો.

પૈસે ટકે સુખી અને સાહસિક, પરંતુ કેલવણીમાં છેકજ પછાત એવી આપણી કોમમાં સાંકડા અને પક્ષપાતી વિચારોનું એટલું બધું જોર હતુ, કે કોઇ પણ સાચો **વિચાર** જણાવવો એપણ **જોખમ ભર્યું** થઇ પડતુ, તો પછી સાચી **હિલચાલનો** તો સભવજ ક્યાં-થી હોય? આવે સમયે જે પુરૂષ પહેલ વહેલીજ ઉચી કેલવણી પામવા ભાગ્યશાળી થયો; તે સુભાગ્યે એવો નીકળ્યો કે પોતાની કેલવણીનો ઉપયોગ સ્વાર્થ સાધનમા નહિ કરતા કોમને આગળ વધારવા માટેના પ્રયત્નોમાજ કરવા લાગ્યો. તે પ્રથમ જ્ઞાતિ રત્ન બીજો કોઇ નહિ પણ જખૌવાળા **સ્વર્ગસ્થ માસ્તર લક્ષ્મીચંદ તેજપાળ** મૈસેરી હતા. પોતે કેળવાઇને બીજાને કેલવણીનો માર્ગ દેખાડવા અને એ રસ્તે તેમનો હાથ પકડવા તેમણે દૃઢ નિશ્ચય કર્યો હતો, અને તેટલા માટે ઇ સ ૧૮૮૪ મા તેમણે મુંબઇમા **'રીપન ઇંગ્લીશ સ્કૂલ'** નામે એક સ્કૂલ સ્થાપી હતી, તેમના અનેકધા પ્રયત્નોના પ્રતાપે કોમમા હવે કાંઇક વિદ્યાપ્રેમ વધતો ગયો. તેને પરીણામે થોડાએક સ્વતંત્ર વિચાર ધરાવનારાઓએ એક **મંડળના** રૂપમાં જાહેરમા દેખાવદીધો. આ **માસ્તર મંડળે** જ્ઞાતિના હિતને લગ-

ના સવાલો ચર્ચાવા માંડયા અને જ્ઞાતિના શેઠીઆઓની સત્તાના દુરૂપયોગ સામે અવાજ ઉઠાવવા માંડયો. 'મોગલાઇ દોર'ના જમાનામાં આવી રીતે મુઠીભર માણસોએ સત્તાધીશો અને શ્રીમંતોના વગવાળા મ્હોટા ટોળા સામે થવું એ ખરેખર જબરૂ સાહસજ હતુ, અને અંગત ભોગ સિવાય તે કદિ બનીશકે તેમ ન હતુ. આપણે દરેક કોમમા જોઇએ છીએ તેમ, આપણી કોમમાં પ્રથમ કેલવણી પામેલા મુઠીભર ભાઇઓએ જે જાહેર હિમ્મત, આત્મભોગ અને કાર્ય દક્ષતા બતાવી છે, તેવી તેમના પછીના મ્હોટી મ્હોટી **ડીગ્રીઓ** મેળવનારાઓએ બતાવી નથી,—રે પાછળથી કેળવાયલાઓએ તો કોમના હિતનો કશો વિચાર પણ કર્યો જણાતો નથી.

ઉપરોકત માસ્તર સાથે રહીને બીજા જ્ઞાતિ રત્ન **માસ્તર ધારશી માંડણ લોડાયાએ** મર્હુમ માસ્તર શ્રી લક્ષ્મીચંદે જે કેલવણી રૂપી બી વાવ્યા હતા તેનેજ સિંચન કરવામા પોતાનું આખુ આયુષ્ય પુરૂ કર્યું હતુ.

હવે ત્રીજા જ્ઞાતિ બધુ કેલવણી પામ્યા તે **સ્વર્ગસ્થ માસ્તર વીરજી લધા ખોના** બી એ હતા. જેમને બી. એ ની પરીક્ષા પસાર કર્યા બાદ જ્ઞાતિએ માનપત્ર આપવા જેટલુ મોટું મન બતાવ્યુ હતુ તે એમ જણાવે છે કે **માસ્તર મંડળે** જ્ઞાતિનુ વિચાર વાતાવરણ સુધારવા કરેલી મહેનત છેક નકામી ગઇ ન હોતી. કોમના આ પહેલા ગ્રેજ્યુએટ પણ કોમના સુધારામા સારો ભાગ લેતા હતા.

કોમમા થયેલી નવી ચળવચળને પ્રતાપે શ્રીમંત વર્ગો ઉપર

પણ હવે અસર થવા માંડી હતી. **સ્વર્ગવાશી શેઠ જેઠાભાઇ દામજી** જો કે ઉંચ્ચ શિક્ષણ મેળવવાને ભાગ્યશાળી થયા ન હતા, તો પણ આગળ વધેલા વિચારવાળા **નવા મંડળના સહવાસથી** તેઓનું લક્ષ કોમના હિત તરફ સારી રીતે વળ્યું હતું. જ્ઞાતિના પુત્રોને **વ્યવહારિક સાથે ધાર્મિક શિક્ષણ મફત** મળે એ હેતુથી બીજાઓ સાથે મળીને તેમણે એક **પાઠશાળા અને બોર્ડિંગ** સ્થાપી; અને તેમાં પોતાના કુટુંબીઓના નામે સારી રકમનું દાન કર્યું. વળી એમની સલાહથી **ભાંડુપ** ખાતે બંગલાઓ બાંધવા માટે જગ્યા ખરીદવામાં આવી હતી, કે જેથી જ્ઞાતિજનો ખુલ્લી હવા વાળું અને શાન્ત જીવન ગાળવાની કિંમત સમજતા થાય ત્યારબાદ તેમણે ઇ. સ. ૧૯૦૦ ના **પ્લેગ**ના ભયંકર ત્રાસને વખતે જ્ઞાતિજનો માટે પોતાના ખર્ચે એક **પ્લેગ હૉસ્પીટલ** ખોલી હતી, જેમાં પ્લેગના દરદીઓની સારવાર માટે અચ્છી વ્યવસ્થા કરી હતી. **શેઠ જેઠાભાઈ** આ પ્રમાણે જ્ઞાતિહિતનાં કામો કરવા ઉપરાંત **અધ્યાત્મ ક્ષેત્ર**મા પણ પ્રવેશ કરવા લાગ્યા હતા. શાસ્ત્ર સબંધી વાચનમાંજ તેમની જીંદગીનો છેલ્લો ભાગ તેમણે ગુજારવા માંડયો હતો, ભરયુવાનીમાં તેઓ સ્વર્ગવાસી થયા. તે વખતમાં તેમનુ જીવન ઘણુ શાન્ત, સાદું અને અસરકારક હતું.

અકાળે સ્વર્ગવાસ પામેલા ઉપયોગી જ્ઞાતિ બધુંઓમાંના એકનું નામતો આપણે કદી ભૂલી શકીશું નહિ, તે એક મી. **ગોવિંદજી મૂળજી મેપાણી** હતા. તે ભાઇએ બી. એ. એલ. એલ. બી. ની પરીક્ષા પાસ કરી હતી, અને જ્ઞાતિ હિતના લગભગ દરેક કામમા

ભાગ લેતા હતા. **શાસ્ત્રીય અભ્યાસમાં** પણ તેઓ ઉંડા ઉતર્યા હતા. **આખા હિન્દના શ્વેતાંબર તીર્થ સ્થળોનો હિસાબ** રાખનાર **આણંદજી કલ્યાણજીની** પેઢીના સબંધમાં, તેમજ આપણી મહાન્ કોન્ફરન્સના સંબધમા તેઓ એટલી હિમ્મતથી મત આપતા કે જેટલી હિમ્મત બતાવવાનુ થોડાથીજ બની શકશે આ ઉછરતા જ્ઞાતિ બંધુ બેરિસ્ટર થવા ઇંગ્લાડ ગયા હતા, જ્યા તેમને ફતેહ મોઘી કિમતે મળી–અર્થાત્ ઘણા બિમાર થઇ ઘેર આવ્યા પછી થોડાજ દિવસોમાં સ્વર્ગવાસ પામ્યા. એક જુદીજ કોમ્ અને જુદાજ ફીરકાના **જૈન સમાચાર** નામક પત્રે આ પ્રસગે જે શબ્દો મગહુમના સંબધમા જણાવ્યા હતા, તે વાચી આપણી કોમ વાજબી રીતે મગરૂર થયા વગર નહિજ રહે. **તા. ૧૯–૮–૧૨ ના જૈન સમાચારમા** લખ્યું હતું કે—જ્યારે કોઇ આશાજનક વિદ્વાન, સ્વધર્મનિષ્ટ, જાહેર હિમતવાન અને કર્તવ્ય પરાયણ યુવાનને જાહેર જીન્દગી, શરૂ કરતી વખતેજ કાળ દેવનો કોલીઓ થઇ પડતાં જોઇએ છીએ, ત્યારે ખેદ કરવાનું પણ સૂઝતું નથી, રોવા જેટલી પણ સુદ્ધસાન રહેતી નથી, માત્ર એટલુજ બોલાઇ જાય છે કે **અકળ છે કર્મની ગતિ!** આત્મ બધુ **ગોવંદજી મૂળજી મેપાણી** બી. એ, એલ. એલ બી જે કચ્છી શ્વેતાબર મૂર્તિ પૂજક કોમમા **સાચો હીરો** હતો, જેનામા **પોથી પાંડિત્ય નહિ,** પણ **હૃદયની નિર્મળતા, સેવા બુદ્ધિ, જાહેર હિમ્મત** અને **શાન્ત વિચારશીલ** મગજ એ સર્વનુ સુખા મિશ્રણ હતું...... તે મોઘા પુષ્પને—કાળ દેવે ઝડપી લીધુ છે જૈન કોમનો ભવિષ્યનો **બુદ્ધિ શાળી** અને

હિંમતવાન સલાહકાર એકાએક માત્ર ૨૬ ૨૮ વર્ષની ઉમ્મરે અંતર્ધાન થયો છે. દૈવનાં ભાવિ રમકડાંઓ! મૃત્યુની અનિવાર્યતા વિચારો - અને જાથુની જીંદગીને લક્ષ્ય બિંદુ બાનાવો — બનાવો.

પરંતુ અફસોસ! આ નરરત્ન તેમજ બીજા ઉપર જણાવેલા જ્ઞાતિ બંધુઓ ચાલ્યા. જવા છતાં **આપણી નગુણી** કોમે એમના સ્મરણ ચિન્હ તરીકે કાંઇજ કર્યું નથી, એટલુંજ નહિ પણ તેઓ-ના ઉપકાર તળે દબાયલા તેમના મિત્રો અને તેમનો શિષ્ય વર્ગ, કે જેઓ કેલવણીના ઉચા ફળ ચાખવા છતાં, આ સ્વર્ગવાસી જ્ઞાતિ સેવકોનું સ્મારક કરવાની ફરજ બજાવવા બહાર પડયા નથી, તો પછી કેલવણીથી બે નસીબ રહેલા અને જાહેર હિમ્મતના **શત્રુ તુલ્ય** શેઠીઆ વર્ગ તરફથી તો આશાજ શી રાખવી?

એક માણસ કેળવાય, ડીગ્રી મેળવે, હેદ્દો મેળવે, કે પૈસો અને રાજ્ય સત્તા મેળવે એમાં કોમને કે જાહેરને શો લાભ? જાહેર પ્રજા અથવા કોઇ કોમ એવા માણસોના ઉદયમા પોતાનો ઉદય સમજે છે, તેથીજ તેવાઓને માનપત્રો આપે છે. **એવાં માનપત્રો લેનારને જો કોમની ઉન્નતિ એજ પોતાની ઉન્નતિ એ સિદ્ધાંત માન્ય ન હોય તો કોમ તરફનાં માનપત્રો લેવાંજ શા માટે જોઇએ?** એક જાહેરનું માનપત્ર સ્વીકારવું તે કાંઇ જેવી તેવી વાત નથી, એ કાંઇ રમત ગમત નથી, **પણ મોટી જોખમદારી વ્હોરી લીધાનું પ્રમાણ પત્ર છે.** જેઓને કોમ કે જાહેરના હિત માટે આત્મભોગ આપવાની ઇચ્છા કે શકિત ન હોય તેમણે કોમ કે જાહેર તરફનો એવો લાભ પણ લેવો ન જોઇએ

અફસોસ! તે **વીરનરો** કે જેમણે કદિ માનપત્રોની કે કદરની દરકારજ કરી ન હોતી, અને જેમના નસીબમાં **કોમની ખડબચડી જમીનને** સાફ કરી ચીલો પાડવાની ભગીરથ મહેનતજ લખાયલી હતી, તેઓ તે ચીલો પાડીને **ચાલ્યા ગયા છે, અને ભૂલાઈ ગયા છે. આજે તે ચીલે સહેલાઇથી** ચાલનારાઓ એમના **નગુણી મિત્રો** અને **શિષ્યો** પોતાના વડીલ મહુંમ (કે જેઓ જીવતાં પણ કઇ બદલો ઇચ્છતા ન હતા તો મુઆ પછી તો શુ ઇચ્છવાના હતા ?) સ્મારક ફંડ મારફત કોમના હિતનાં કાંઇ ખાતા ખોલવા જેટલી પણ ફરજ બજાવી શકયા **નથી. આપણે** ઇચ્છી શું કે હવે તેમના પ્રત્યે માન ધરાવનાર **શેઠ શ્રી જેઠાભાઇ નરશી.** ને તેમના હાથનીચે અભ્યાસ કરી મોટી પદવીએ પહોચનાર મી. **લખમસી હીરજી મૈસેરી.** બી એ. એલ, એલ, બી; મી. **વેલજી આણંદજી મૈસેરી** બી. એ. એલ, એલ, બી; અને ડૉક-ટર **પુનસી હીરજી મેસેરી** એલ, એમ એન્ડ એસ. અને તેઓના પ્રત્યે માનવૃત્તિથી જોનાર શ્રીયુત **માસ્તર કાનજી કરમશી શાહને** તેમનુ સ્મારક ફંડ ઉભું કરવા પરમાત્મા **પ્રેરે.**

અમને વિશ્વાસ છે કે ઉપરોક્ત ગૃહસ્થોના પ્રયાસને લીધે આપણે આપણા ભૂલાઇ ગયેલા પંચ રત્નોનાં સ્મારક ફંડો જોવા ભાગ્યશાળી થયા વગર રહીશું નહિ.

કર્તવ્ય બોધ.

(કચ્છી ભાષા.)

[વાલા વેગે આવો રે] એ દેશી;

સુણ તું મુંજા વલારે, શેખકીં જ્ઞાન કલારં,
નર દેહ તોજો એરેં વેંજેંતો રે.
આલશમેં વેંજેંતાં તોજારે દીંઅ. સુણ તું.

વીર પ્રભુજી આણુકે, મનમેં હાણે ધાર;
સદ્ગુરૂ શીખ સુણી કરે, ચિત્તમેં કીંક વિચાર;
સચો રૂપ તોજો ભલા, એકાંતે તું ન્યાર.
વેંધા મેળે ઠલ્લારે, નર દેહ તોજો. સુણ તું. ૧
આશારૂપી નહી વડી, તેંજો નાંએ પાર;
સંતે ભેરો વઇ કરે, તોજો રૂપ સંભાર
ક્રોધ કરંને કેંકે પણ, કદે મતું તાં બાર;
કૂડેલા અંધ ખલા રે, નર દેહ તોજો. સુણ તું. ૨

ભોલે ચોકે પણ કેંકેંભી, કદે મદીજ તું ગાર;
તો જેડા સમજી મેળે, બોધ દઇને ઠાર;
મૂરખ જીવે કે હેયા, સંસાર સમુદ્રમાંથી તાર,
શિવ દે એડી સલા રે, નર દેહ તોજો. સુણ તું. ૩

શિવ વિનોદ ભાગ ૪. માંથી

વાર્તાવૃક્ષ.

અદ્‌ભુત ચમત્કારી વાર્તાઓનો સંગ્રહ.

એ નામનો અદ્‌ભુત ગ્રંથ અમારા તરફથી થોડાજ સમયમાં છપાઇને બહાર પડશે. ગ્રંથમાં એકંદરે આઠ પુષ્પો ગુંથવામાં આવ્યા છે. દરેક વાર્તા રૂપી પુષ્પની સુગંધી ભરી મોહકતા એવી નિરનિરાળી છે કે તેથી આખો ગ્રંથ દીપી નીકળે છે. ભાષા રસીલી, અને મીઠી હોવા સાથે ભાવપણ તેટલોજ ઉન્નત છે. આ ગ્રંથ ઉત્તમ કાર્યો પ્રસંગે સ્નેહીઓને ખાસ ભેટ આપવા લાયક છે. આ ગ્રથ એક દિલોજાન પ્રેમી મિત્રની ગરજ સારે છે.

આ પુસ્તકના અગાઉથી ગ્રાહક થનારનાં નામ ગ્રંથમાં સહાયક તરીકે છાપવામાં આવશે. એ ઉપરાંત અગાઉથી ગ્રાહક થનાર પાસેથી કીંમત આઠ આના અને પાછળથી બાર આના લેવામાં આવશે. માટે વાંચક વર્ગ અને અમારા પ્રત્યે પ્રેમ ધરાવનારા, અને સાહિત્ય પ્રસારવામાં મદદ કરનારા બધુંઓ અને બેનોને અમારી વિનતી છે કે અગાઉથી ગ્રાહક થઇ સાહિત્યને ઉત્તેજન આપશે; એવો અમને સપૂર્ણ વિશ્વાસ છે.

લી. મેઘજી હીરજીની કું. પાયધુની નાં. ૫૬૬ મુંબઇ.

આધ્યાત્મિક તેમજ ભક્તિમય

ઉત્તમ પુસ્તકો.

યોગ, તત્વવિચાર તથા ભક્તિના સિદ્ધાંતોના સમુદ્ર સમાન આ ગ્રંથો છે તેમા જ્ઞેય, હેય, તથા ઉપાદેય વસ્તુનું ઘણી સારી રીતે સ્પષ્ટીકરણ કર્યું છે અભ્યાસીઓને તે અત્યત ઉપયોગી છે, એમ વિદ્વાનો એક અવાજે કબુલ કરે છે.

આ ગ્રંથ રત્નોના રચયિતા

ભક્તરાજ



શિવાનંદ

છે

શ્રી શિવવિનોદ ભાગ ૧, ૨, ૩, ૪. ૫, દરેક ભાગના	૦- ૮-૦
શ્રી શિવબોધ ભાગ ૧ તથા ૨ દરેક ભાગના	૦-૧૨-૦
શ્રી શિવવિલાસ	૦-૧૨-૦
શ્રી શિવપ્રબોધ ભાગ ૧ તથા ૨ દરેક ભાગના	૦- ૮-૦
શ્રી વિદ્યાચંદ્ર યાને સુમતિ નોવેલ સચિત્ર ..	૧- ૦-૦
શ્રી રાગબોધ . .	૦- ૫-૦

મગાવાનુ ઠેકાણુ — પોસ્ટેજ જુદુ

મેસર્સ મેઘજી હીરજીની કુંપની,

બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ, પાયધોની નં ૫૬૬, મુંબઇ.



શ્રીયુત પંડિત લાલન

તૈયાર મળતાં પુસ્તકો

અધ્યાત્મ જ્ઞાન સબંધી.

૧	આત્મ જ્ઞાન .	
૨	પરમ્ જ્યોતિ પંચવિંશતી . .	૦- ૮-૦
૩	નય કર્ણિકા	૦- ૬-૦
૪	પરમાત્માને પગલે .	૦- ૨-૦

મહાન વક્તા થવા માટે.

૧	સદ્દવક્તા-આવૃત્તિ બીજી સભામાં છટાદાર ભાષણ કરવાની રીત શિખવનાર અમૂલ્ય ગ્રંથ.	૦-૧૨-૦

ખાસ જૈન બાળકો માટે

૧	જૈન માર્ગ પ્રારંભપોથી ભાગ ૧	૦- ૧-૦
૨	,, ,, ભાગ ૨ ..	૦- ૧-૬
૩	,, પ્રવેશીકા ભાગ ૧	૦- ૨-૦
૪	,, , ભાગ ૨ . .	૦- ૩-૦
૫	,, ,, ભાગ ૩	૦- ૪-૦

લખો-મેઘજી હીરજીની કુંપની.

નંબર ૫૬૬, પાયધુની-મુંબઇ.